**ધોરણ 8 સામાજિક વિજ્ઞાન**

**ch 5**

**8th s.s**

**તારીખ : 02-10-2021**

**સમય : 0 મિનિટ**

**કુલ ગુણ : 37**

*** આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખો.** **[3]**

1. ભવ્ય ગાંધીજીના કાર્યકરોની યાદી તૈયાર કરવાની છે. નીચેનામાંથી કોનો સમાવેશ નહીં કરે ?

(A) ઠક્કરબાપા (B) દુર્ગારામ મહેતા (C) જુગતરામ દવે (D) પૂર્ણિમાબહેન પકવાસા

**જવાબ :** (B) દુર્ગારામ મહેતા

2. અંગ્રેજોના આગમન પહેલાના ભારતીય શિક્ષણમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થશે?

(A) દરેક ધોરણ માટે અલગ વર્ગખંડ (B) તાલીમ પામેલ શિક્ષકો (C) મૌખિક શિક્ષણ (D) વિષયવાર પાઠ્યપુસ્તકો

**જવાબ :** (C) મૌખિક શિક્ષણ

3. ભારતની જૂની શૈક્ષણિક સંસ્થાઓ ઘટવા પાછળ કયા કારણને તમે જવાબદાર ગણશો

(A) અંગ્રેજીના જાણકારને નોકરીમાં અગ્રતા (B) અંગ્રેજો દ્વારા રોજગારીની તકોમાં વધારો (C) કન્યા શિક્ષણ વિરુદ્ધ કાયદો ઘડવામાં આવેલ (D) ખેતીનો વિકાસ

**જવાબ :** (A) અંગ્રેજીના જાણકારને નોકરીમાં અગ્રતા

*** જોડકા જોડો.(દરેકનો 1 ગુણ)** **[3]**

4. યોગ્ય જોડકાં જોડો.

| | | |
|---|---|---|
| 1 | એલેક્ઝર ડફ | (A) સ્ત્રીઓ માટેના વિશ્વવિદ્યાલયની સ્થાપના |
| 2 | દયાનંદ સરસ્વતી | (B) "સોમપ્રકાશ" સામયિક દ્વારા સુધારણા ઝુંબેશ |
| 3 | ડી.કે કર્વે | (C) લગ્ન આયુ સંમતિધારો |
| 4 | કેશવચંદ્રસેન | (D) બનારસ સંસ્કૃત કૉલેજની સ્થાપના |
| 5 | જોનાથન ડંકન | (E) લાહોરમાં ઍંગ્લો વૈદિક કૉલેજની સ્થાપના |
| 6 | | (F)પાશ્ચાત્ય શિક્ષણ આપતી સંસ્થાઓની સ્થાપના |

**જવાબ :** (1-F,2-E,3-C,4-D)

*** માગ્યા મુજબ જવાબ આપો: (દરેકનો 1 ગુણ)** **[5]**

5. ગાંધીજીના મતે સાક્ષરતા એટલે શું?

**જવાબ :** ગાંધીજીના મતે "સાક્ષરતા એ શિક્ષણનો અંત કે પ્રારંભ નથી, તે તો માત્ર એક સાધન છે કે જેના દ્વારા પુરુષો અને સ્ત્રીઓને શિક્ષિત કરી શકાય છે. સાક્ષરતા કે અક્ષરજ્ઞાન એ સ્વયં શિક્ષણ નથી."

6. ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારને કયો કાયદો ઘડવા સૂચન કર્યું?

**જવાબ :** ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારને ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો કાયદો ઘડવા સૂચન કર્યું હતું.

7. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે કયા વિદ્યાલયની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો?

**જવાબ :** ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે "હિંદુ બાલિકા સરકારી વિદ્યાલય" ની સ્થાપનામાં અગત્યનો ભાગ ભજવતો હતો.

8. ગાંધીજીના મત મુજબ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ કેટલા વર્ષનો રાખવો જોઈએ ?

**જવાબ :** ગાંધીજીના મત મુજબ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ 7 વર્ષનો રાખવો જોઈએ.

9. દુર્ગારામ મહેતાએ કઈ સંસ્થાની સ્થાપના કરી?

**જવાબ :** દુર્ગારામ મહેતાએ "માનવધર્મ સભા" નામની સંસ્થાની સ્થાપના કરી હતી.

*** નીચે આપેલ પ્રશ્નોના સંક્ષિપ્ત જવાબ આપો : (દરેક પ્રશ્નના 2 ગુણ છે.)** **[6]**



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

10. સર સયાજીરાવ ગાયકવાડ અને તેમના પત્ની દ્વારા શિક્ષણના ફેલાવા માટે શું પગલાં ભરવામાં આવ્યા?

**જવાબ :**

- સર સયાજીરાવ ગાયકવાડે શિક્ષણના ફેલાવા માટે પોતાના રાજ્ય વડોદરામાં ઈ.સ. 1901માં મફત, ફરજીયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરી.
- ઉપરાંત, બે વિદ્યાર્થીઓને વિદેશી યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિ આપવાની જોગવાઈ કરી.
- જ્યારે સર સયાજીરાવના પત્ની ચિમનાબાઈ ગાયકવાડે દલિત વિદ્યાર્થીને વિદેશની યુનિવર્સિટીમાં ભણવા જવા માટે શિષ્યવૃત્તિ આપતો કાયદો તૈયાર કરાવ્યો હતો.

StudentBro StudentBro StudentBro

11. વુડના ખરીતામાં શિક્ષણ સંબંધી કઈ-કઈ ભલામણો કરવામાં આવી?

**જવાબ :**

- વુડના ખરીતામાં દરેક પ્રાંતમાં યુનિવર્સિટીની સ્થાપના કરવા અલગ શિક્ષણખાતાની રચના કરવા, સરકારી કોલેજ અને શાળાઓની જાળવણી કરવા, ખાનગી શાળાઓને સરકારી અનુદાન આપવા, શિક્ષકોને તાલીમ માટે તાલીમી સંસ્થાઓ ખોલવા, ધંધાદારી કે વ્યવસાયી શિક્ષણનો વ્યાપ વધારવા, દરેક તાલુકામાં પ્રાથમિક અને જીલ્લામાં હાઈસ્કૂલ શાળાઓ સ્થાપવા અને સ્ત્રી શિક્ષણને ઉત્તેજન આપવા ભલામણો કરી હતી.

12. મહારાષ્ટ્રમાં વિવિધ સુધારકો દ્વારા કન્યા શિક્ષણ માટે કયા-કયા પ્રયત્નો કરવામાં આવ્યા?

**જવાબ :**

- મહારાષ્ટ્રમાં અનેક સુધારકોએ કન્યા શિક્ષણ માટે પ્રયત્નો કર્યા હતાં.
- જેમાં, મહાદેવ ગોવિંદ રાનડે અને તેમના પત્ની રમાબાઈએ કન્યા શાળાઓની સ્થાપના કરી.
- જ્યોતિરાવ ફૂલે અને તેમના પત્ની સાવિત્રીબાઈ ફૂલેએ કન્યા કેળવણી માટે શાળાઓની સ્થાપના કરી.
- મહર્ષિ કર્વેએ ઈ.સ. 1916માં સ્ત્રીઓ માટે અલગ યુનિવર્સિટીની સ્થાપના કરી.
- જે આજે એસ.એન.ડી.ટી યુનિવર્સિટી તરીકે ઓળખાય છે.

StudentBro StudentBro StudentBro

*** નીચેના પ્રશ્નોનાં મુદ્દાસર ઉત્તર લખો. (દરેક પ્રશ્નના 5 ગુણ છે.)** **[20]**

13. ટૂંકનોંધ લખો : બ્રહ્મોસમાજની પ્રવૃત્તિઓ

**જવાબ :**

- ઈ.સ. 1828 માં રાજા રામમોહનરાયે બ્રહ્મોસમાજની સ્થાપના કરી હતી.
- બ્રહ્મોસમાજની "સંવાદ કૌમુદિ નામના પત્રથી સતીપ્રથા વિરુધ્ધ બંગાળમાં મોટાપાયે ઝુંબેશ ઉપાડી.
- બ્રહ્મોસમાજના પ્રયત્નોથી ઈ.સ. 1829માં વિલિયમ બેન્ટિકે સતીપ્રથા વિરુધ્ધ કાયદો પસાર કર્યો. .
- ઈ.સ. 1839માં "નરબલિ પ્રથા" અને સ્ત્રીભૃણ હત્યા વિરુધ્ધ કાયદા પસાર થયા જે પાછળ બ્રહ્મોસમાજનો મહત્વનો ફાળો હતો.
- બ્રહ્મસમાજી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરે "સોમપ્રકાશ" સામયિક દ્વારા વિધવા પુર્નવિવાહની હિમાયત કરી.
- જેના પરિણામે ઈ.સ. 1856માં ડેલહાઉસીએ વિધવા પુર્નવિવાહ કાયદો પસાર કર્યો. ઈ.સ. 1870માં બ્રહ્મોસમાજી કેશવચંદ્ર સેને બાળલગ્ન વિરુધ્ધ વ્યાપક ઝુંબેશ ચલાવી.
- પરિણામ સ્વરૂપે ઈ.સ. 1872માં "લગ્નઆયુ સંમતિધારો" પસાર થયો. .
- આમ, સતીપ્રથા, વિધવા પુનવિવાહ, કન્યા કેળવણી અને બાળલગ્ન જેવી બાબતોને લઈ સુધારાત્મક પગલાં બ્રહ્મોસમાજ દ્વારા લેવામાં આવ્યા હતાં

StudentBro StudentBro StudentBro

14. ટૂંકનોંધ લખો: વિધવા વિવાહ

**જવાબ :**

- ભારતમાં નાની ઉંમરે લગ્ન થયા હતાં. વિવિધ કારણોસર સ્ત્રીઓ નાની વયે વિધવા બનતી હતી.
- પુનઃલગ્ન થતા હોવાને કારણે વિધવા તરીકે આખી જીંદગી અત્યંત કઠીન પરિસ્થિતિમાં જીવન વિતાવવું પડતું હતું.
- કોઈપણ સભ્ય સમાજ માટે અનિચ્છનીય ઘટના હતી. પતિના મૃત્યુબાદ પુનઃલગ્નની છૂટ ન હતી.
- સમાજમાં આર્થિક ઉત્પાદનના કાર્યો પુરુષો કરતાં હતાં. આમ, પુરુષના અવસાન થતાં વિધવા માટે જીવન જીવવું મુશ્કેલ થઈ જતું.
- વિધવા મહિલાઓની આ દુર્દશા દૂર કરવા શિક્ષણ આપી તેઓને આર્થિક રીતે પગભર કરવાની જરૂરિયાત હતી.
- વિધવા પુનઃલગ્ન માટે અનેક સમાજ સુધારકોએ ઝુંબેશ ઉપાડી જેમાં રાજા રામમોહનરાય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર મુખ્ય હતાં.
- તેઓના પ્રયત્નોએ કારણે ઈ.સ. 1856માં લહાઉસીએ વિધવા પુર્નવિવાહ કાયદો પસાર કર્યો.
- વિધવા પુર્નવિવાહની તરફેણમાં ગુજરાતમાં અનેક ચળવળો થઈ. જેમાં કવિ નર્મદ એક વિધવાબાઈ સાથે લગ્ન કર્યા.
- કોલકાતામાં શ્રીચંદ્ર વિદ્યારત્ન કાલીમતી દેવી સાથે લગ્ન કર્યા.
- આંધ્રમાં કુન્દકુરિ વીરેસલિંગમ, પશ્ચિમ ભારતમાં મહાદેવ ગોવિંદ રાનડે, ડી.કે. કર્વે, આર. જી. ભંડારકર અને બી. એમ. માલાબારીએ પણ આ ક્ષેત્રે કામ કરતાં હતા.

StudentBro StudentBro

15. રવીન્દ્રનાથ ટાગોર ના શિક્ષણ અંગેના વિચારો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**જવાબ :**

- રવીન્દ્રનાથ ટાગોર પ્રખર પ્રકૃતિવાદી હતા.
- તેઓ વિદ્યાર્થીઓને ભારતીય વિચારધારા અને સાંસ્કૃતિક તત્વોનું જ્ઞાન આપવાના મતમાં હતાં.
- પ્રકૃતિના ઘનિષ્ઠ સાનિધ્યમાં જ્ઞાન મળે તે માટે હિમાયત કરી હતી.
- શિક્ષણ દ્વારા બાળકના સર્જનાત્મક વિકાસ થાય તે પર ભાર મૂકે છે.
- રવિન્દ્રનાથ ટાગોર શિક્ષણની કઠોર શિસ્તથી બાળક મુકત હોય અને બાળક પોતાની કલ્પના શક્તિ અને કુતૂહલવૃત્તિ વિકસાવે છે તેવી શિક્ષણ વ્યવસ્થા તૈયાર કરવાની વાત કરે છે.
- ટાગોરના મતે શિક્ષકમાં બાળકોના મની વૈજ્ઞાનિક વિકાસ કરવાની ક્ષમતા હોવી જોઈએ.
- બાળકોને સંગીત, અભિનય, ચિત્રકળાની યોગ્યતા સાથે નીતિમત્તા, આધ્યાત્મિકતા જેવા ગુણોના વિકાસ થાય તેવી શિક્ષણ વ્યવસ્થાની હિમાયત કરી છે.

16. ટૂકનોધ લખો: સ્વામી વિવેકાનંદનો ઉપદેશ:

**જવાબ :**

- સ્વામી વિવેકાનંદ ઉપદેશ નીચે મુજબ છે. સમાજ સેવા : સ્વામી વિવેકાનંદે તે સમયના પ્રચલીત સામાજિક દૂષણો તથા ધાર્મિક ક્રિયાકાંડોનો સખત વિરોધ કર્યો.
- તેમણે સમાજ સેવા અને સમાજ-સુધારણાનો ઉપદેશ આપ્યો.
- ;પહેલાં અને પછી ધર્મ, સ્વામી વિવેકાનંદ માનતા હતા કે, જે ધર્મ કે ઈશ્વર વિધવાનાં આંસુ લૂછી શકે નહિ અથવા નિરાધાર બાળકોનાં મુખમાં રોટીનો ટુકડો મૂકી શકે નહિ, તે ધર્મ કે ઈશ્વરમાં હું માનતો નથી.
- માનવ સેવા એ જ પ્રભુસેવા છે. તેઓ મનુષ્ય માત્રમાં ઈશ્વરનાં દર્શન કરતા હતા.
- ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો. સ્વામી વિવેકાનંદે સંદેશ આપતા જણાવ્યું કે ;તષ્ઠત નાગ્રત પ્રાપ્ય વરાત્તિવો યુવાન એ દેશની સાચી શક્તિ છે.
- તેઓમાં ઉત્સાહનો સંચાર હોય તે જરૂરી છે. યુવાનોમાં આત્મવિશ્વાસ હોય તે પર ભાર મૂક્યો

----- -----



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in